જ્યારે જ્યારે તમને સમજાય કે તમે બહુમતી ને પક્ષે છો ત્યારે માનવું કે તમારે સુધરવાનો સમય પાકી ગયો છે
- માર્ક ટ્વેઇન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૫૩ | ૨૬ નવેમ્બર, ૨૦૧૪, બુધવાર ; માગશર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## જિલ્લાના ૩૭ ટકા પરિવારો પશુપાલન સાથે સંકળાયા છે

### રાજ્યમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે નવમા ક્રમે જિલ્લો કુલ ઉત્પાદનના ૪.૧૦ ટકા દૂધ ઉત્પાદન કરે છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ૧,૨૩,૬૨૨ જેટલા પરિવારો અર્થાત ૩૭ ટકા કુટુંબોના જીવનનિર્વાહનો આધાર પશુપાલન છે.

જિલ્લાના અર્થકારણમાં પશુપાલન સૌથી સરળ અને પોષણક્ષમ ઘરેલુ વ્યવસાય બની વિકસ્યો છે તેની ગવાહી આ આંકડા છે.

જિલ્લામાં છેલ્લા દસ વર્ષમાં વાર્ષિક ૨.૩૧ ટકાના દરે કુલ ૨૩ ટકા જેટલો દૂધ ઉત્પાદનમાં વધારો નોંધાયો છે. વર્ષ-૨૦૧૩-૧૪માં ૪,૨૬,૪૭૦ મે.ટન દૂધ સાથે દૂધ ઉત્પાદનમાં રાજ્ય નવમા ક્રમે છે. ઉપરાંત રાજ્યના કુલ દૂધ ઉત્પાદનમાં ૪.૧૦ ટકા હિસ્સો ગાંધીનગર જિલ્લાનો છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૦૩-૦૪માં ૧૯૭.૧૨ મેટ્રીક ટન દૂધ ઉત્પાદન હતુ જે ઉત્પાદન ૨૦૧૩-૧૪ માં વધીને ૪,૨૩,૪૭૦ મે.ટન થયું છે. જિલ્લામાં ૧૮મી પશુધન વસ્તીગણતરી પ્રમાણે ૧,૪૮,૪૩૦ ગાયો અને ૩,૬૪,૦૪૦ ભેંસો છે.

પશુપાલકોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે તથા દૂધ બગડવાના પ્રશ્નો નહિવત થાય તે માટે ગ્રામ્યકક્ષાએ બલ્ક મિલ્કકુલરની સ્થાપના પણ કરવામાં આવી છે. જિલ્લામાં થતા દૂધ ઉત્પાદનને હાલ સાગર ડેરી, મધુર ડેરી અને ઉત્તમ ડેરીમાં ભરવામાં આવી રહ્યું છે.

જિલ્લામાં ગ્રામ્યકક્ષાએ ૩૯૦ દૂધ ઉત્પાદન સહકારી મંડળીઓ છે. જેમાં ૩૦ સહકારી મંડળીઓ સંપૂર્ણતઃ મહિલાઓ સંચાલિત છે. દૂધ સંઘોમાં નોંધાયેલા પશુપાલક સભાસદોની સંખ્યા ૧,૪૯,૦૦૧ છે.

ગાંધીનગર જિલ્લાના અર્થકારણમાં આમ પશુપાલન એ અતિ મહત્વના અંગ તરીકે વિકસ્યુ છે.

## એસ.ટી. સહકારી મંડળી કૌભાંડમાં મેનેજર રિમાન્ડ પર

### મંડળીના ચેરમેન અને કલાર્ક હજુ ફરાર : ૩.૪૨ કરોડની ઉચાપત પ્રકરણમાં ૯૦૦ ડ્રાઈવર-કડંકટરોના પૈસા ડુબ્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ડેપોમાં ચાલતી એસ.ટી. કામદારોની ધિરાણ અને સહકારી મંડળીના હિસાબી રેકર્ડમાં ચેકચાક કરી ખોટા પુરાવા ઉભા કરીને રૂ. ૩.૪૨ કરોડની ઉચાપત થઈ જવા પામી હતી. આ કૌભાંડમાં મેનેજર, ચેરમેન અને કલાર્ક સામે ગુનો દાખલ થયો હતો. સે-૭ પોલીસે એક આરોપી મંડળીના મેનેજરની ધરપકડ કરી રિમાન્ડ પર લીધો છે. અન્ય બે આરોપી હજુ ફરાર છે.

(અનુસંધાન પાન-૭ પર)



(તસવીર : કશ્યપ નિમાવત)

શિયાળાનો વૈભવ - શિયાળાના આગમનને પગલે શાકબજાર લીલુછમ બન્યું છે... આજકાલ શાકમાર્કેટમાં લીલા શાકભાજી મોટી માત્રામાં છલકાયા છે... આપણી ભારતીય ડોશીશાસ્ત્રમાં અને વૈજ્ઞાનિક રીતે પણ લીલા શાકભાજી તંદુરસ્તી માટે ખૂબ જ ગુણકારી છે... પ્રોટીનથી છલોછલ શાકભાજીથી શારીરિક અને માનસીક તંદુરસ્તી જાળવવામાં પૂરક બને છે... ગુજરાતમાં શાકભાજીના વૈભવને કારણે જ શિયાળાનું ઉંધીયું વખણાય છે..

## જિલ્લામાં 'મા' યોજના અંતર્ગત ૬૨૨ લાભાર્થી

### આ દર્દીઓની સારવાર પાછળ રૂ. ૧,૪૦,૪૮,૮૮૪નો ખર્ચ : સૌથી વધુ ખર્ચ કેન્સરની સારવાર પાછળ : ૩૨૫ કેન્સરના દર્દીઓ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેન્સર અને હૃદયની બિમારીનું પ્રમાણ વધતુ જોવા મળી રહ્યું છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીની આ પરિવારોની આરોગ્ય સેવા માટે અમલી બનેલ 'મા' યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષમાં આ બે રોગના જ ૫૩૬ દર્દીઓ નોંધાયા છે અને તેમને સારવાર આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે 'મા' યોજના અંતર્ગત જિલ્લામાં કુલ ૬૨૨ દર્દીઓએ તેનો લાભ લીધો છે. જેમાં ૩૨૫ દર્દીઓ કેન્સરથી પીડાતા હતા તો ૨૦૬ દર્દીઓ કાર્ડિયોલોજીના દર્દીઓ હતા.

આરોગ્ય વિભાગના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે 'મા' યોજના અંતર્ગત ૬૨૨ દર્દીઓની સારવાર પાછળ રાજ્ય સરકારે ૧,૪૦,૪૮,૮૮૪ રૂ.નો ખર્ચ ઉઠાવ્યો છે.

'મા' યોજનાનો વ્યાપ વધારતાં રાજ્ય સરકારે હવે મા અમૃતમ્ વાતસસ્ય યોજના તળે આવક મર્યાદા વધારી અને વધુ ને વધુ લોકોને રાહત પ્રાપ્ત થાય તે દિશામાં તાજેતરમાં ફેરફારો કર્યા છે. આ અમૃતમ્ વાતસસ્ય યોજના અંતર્ગત જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૫૦ જેટલા કાર્ડ જારી કરી દેવામાં આવ્યા છે. તંત્રના અંદાજો પ્રમાણે માર્ચ સુધીમાં ૧૫૦૦ જેટલા કાર્ડ નવી યોજના તળે આપવાનું આયોજન છે.

મળતી વિગતો પ્રમાણે આ ૬૨૨ દર્દીઓએ અમદાવાદની અને જિલ્લાની ૧૬ જેટલી હોસ્પિટલમાં સારવાર લીધી છે. આ દર્દીઓમાંથી ૧૧ ન્યુરો સર્જરી તો પાંચ બાળકોની સર્જરીનો પણ સમાવેશ થાય છે. કેન્સરમાં ૨૩૬ જેટલા દર્દીઓના ઓપરેશન કરવા પડ્યા છે.

આ યોજના અંતર્ગત કેન્સરની સારવાર પાછળ ૪૩,૧૪,૯૯૦નો ખર્ચ થવા પામ્યો છે, જ્યારે કાર્ડિયોલોજીમાં રૂ. ૩૫,૬૧,૯૫૦ નો ખર્ચ થવા પામ્યો છે.

જિલ્લામાં આ યોજના અંતર્ગત ૩૩ હજારથી પણ વધુ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે તે ઉલ્લેખનીય છે.

## જિલ્લાના સોનારડામાં સાદા ઝાડાના વધુ નવ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના સોનારડા ગામે આજે બીજે દિવસે પણ સાદા ઝાડાના વધુ નવ જેટલા કેસ મળી આવતાં તંત્રએ તેનું સર્વેલન્સ સઘન બનાવ્યું છે.

ગાંધીનગર તાલુકાના સોનારડા ગામે ગઈકાલે સાદા ઝાડાના ૧૨ જેટલા કેસ નોંધાયા હતા. પ્રદૂષિત પાણીને કારણે આ કેસો નોંધાયા હતા અને તંત્રએ ત્યાં એક મોટુ લિકેજ પણ શોધી કાઢ્યું હતું.

આજે તંત્રએ ત્યાં સર્વેલન્સ સઘન બનાવ્યુ છે. જો કે એક નાનકડુ લિકેજ મળ્યાનુ પણ જાણવા મળેલ છે. જો કે તે પણ તાત્કાલિક રીપેર કરી દેવામાં આવ્યું હતું.

આરોગ્યતંત્રનો દાવો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને ગામમાં પેયજળનો ક્લોરીનેશન વાળો પુરવઠો આપવામાં આવી રહ્યો છે. આજે પણ અધિકારીઓએ ગામની મુલાકાત લઈ સર્વેલન્સની કામગીરીની સમીક્ષા કરી હતી.

## રાજ્યના ચૂંટણી કમિશનર વરેશ સિંહા

### મુખ્ય સચિવપદે નિમણૂંક અગાઉ થઈ હતી : મુખ્ય સચિવપદેથી નિવૃત્ત થયા બાદ એક માસના ગાળામાં ડો. વરેશ સિંહા ખૂબ મહત્વપૂર્ણ સ્થાને નિમાયા

ગાંધીનગર, તા.૨૫

રાજ્યના નિવૃત્ત મુખ્ય સચિવ ડો. વરેશસિંહાની આજે રાજ્ય સરકારે રાજ્યના ચૂંટણી કમિશનર તરીકે નિમણૂંક કરી હોવાનું જાણવા મળ્યું છે. ૧૯૭૭ બેચના આઈએએસ અધિકારી ડો. વરેશ સિંહાને ગુજરાત સરકારે તારીખ ૩૧મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ એકે જોતીની નિવૃત્તિના પગલે તુરંત રાજ્યના મુખ્ય સચિવપદે નિમણૂંક કરી હતી. ત્યારબાદ તેમને ૧-૮-૨૦૧૪થી ૩૧-૧૦-૨૦૧૪ સુધી એક્સટેન્શન પણ આપવામાં આવ્યું હતુ અને તેમની નિવૃત્તિ બાદ ડીજે પાંડિયનને રાજ્યના મુખ્ય સચિવ પદનો કાર્યભાર સોંપવામાં આવ્યો હતો.

ગુજરાત સરકારની જુદી જુદી સેવાઓમાં સરાહનીય સેવાઓ આપ્યા બાદ છેવટે મુખ્ય સચિવ પદેથી ૩૧મી ઓક્ટોબરે નિવૃત્ત થયેલા ડો. વરેશ સિંહા રાજ્ય સરકારના પ્રતિપાત્ર ઉચ્ચ સનદી અધિકારી હોવાથી તેમને રાજ્ય ચૂંટણી કમિશનરનો હવાલો સંભાળતા મહેશ જોશીની જગ્યાએ ચૂંટણી કમિશનર તરીકેની આજે નિમણૂંક કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.






૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

GPSC મુખ્ય પરીક્ષા
ભૂગોળ, G.S., ફરજિયાત વિષયો
UPSC પાસ કરેલ ફેકલ્ટી દ્વારા કોચીંગ
કોન્સ્ટેબલ ફી ૪૦૦૦/-
PSI-ASI ફી ૭૦૦૦/-
રાઈઝીંગ એકેડમી
સે.૨૩ અને ૧૬
સવારે ૮ થી ૧૦ તથા સાંજે ૬ થી ૯
મો. : ૮૧૨૮૬ ૭૦૫૪૯

તાત્કાલિક જોઈએ છે
ક્વોલિફાઈડ નર્સીંગ કોર્સ કરેલા બ્રધર્સ / સિસ્ટર જોઈએ છે.
ત્રણ દિવસમાં બાયોડેટા મોકલી આપવા વિનંતી.
શ્રદ્ધાદિપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરી
૩૧૭, સે.૧૬, ઘ-૪, ગાંધીનગર





## શ્રી સૌરાષ્ટ્ર લુહાર સુથાર જ્ઞાતિ હિતેચ્છુ મંડળ દ્વારા અમદાવાદમાં કન્યા છાત્રાલયનું નિર્માણ




સૌરાષ્ટ્રના ગામે ગામથી ધંધોરોજગાર માટે આવીને અમદાવાદ જેવા સુવિકસિત શહેરમાં વસેલા લુહાર, સુથાર જ્ઞાતિના ભાઇ-બહેનોનું સંગઠનાત્મક માળખું એટલે "શ્રી સૌરાષ્ટ્ર લુહાર સુથાર જ્ઞાતિ હિતેચ્છુ મંડળ" છેલ્લા ૮૦ (એંસી) વર્ષથી આ સંસ્થા શહેરમાં કાર્યરત છે. સમાજના ભાઈ-બહેનો શૈક્ષણિક, સામાજિક અને આર્થિક વિકાસ થાય, સૌમાં માતૃભાવના કેળવાય અને સમાજમાં કરેલા કુરિવાજોને તિલાંજલિ મળે એવા ઉચ્ચ ઉદ્દેશ સાથે આ સંસ્થા રચાયેલી છે. જે હાલમાં ૧૦,૦૦૦ (દશ હજાર) જેટલા આજીવન સભ્યો ધરાવે છે. શહેરમાં રહેતા છેવાડાના જ્ઞાતિબંધુને પણ સંસ્થાનો લાભ મળી રહે તે માટે સંસ્થાએ પોતાની શાહપુર, મણીનગર, નવાવાડજ અને નરોડામાં શાખા ઉભી કરી છે. જેની કાર્યવાહક કમિટીઓ સંસ્થાના હેતુને સિદ્ધ કરવાની પ્રવૃત્તિઓ કરે છે. આ સંસ્થા અમદાવાદ શહેર ઉપરાંત બીજા શહેરો, ગામોમાં પણ પોતાની પ્રવૃત્તિ વિકસાવે છે.

સૌરાષ્ટ્રના નાના મોટા શહેરો અને ગામોમાં આવેલા જ્ઞાતિ મંડળોમાં "દાસભાઈ"ના હુલામણા નામથી ઓળખાતા શ્રી પરસોત્તમદાસ બચુભાઈ પિત્રોડા (નરિમાવાળા) આ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી છે. વર્ષો સુધી સંસ્થામાં ટ્રસ્ટી તરીકે સેવા આપીને છેલ્લા અઢી વર્ષથી તેઓ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તરીકેના કાર્યભાર સંભાળી રહેલ છે. તેમની આગેવાની અને માર્ગદર્શન નીચે સંસ્થા તબીબી નિદાન કેમ્પ, તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, નોટબુક સહાય સમૂહ લગનોત્સવ, જીવનસાથી પસંદગી સંમેલન ઉપરાંત ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો કરે છે. સંસ્થા શાહપુર, મણીનગર અને નવાવાડજમાં પોતાના હોલ ધરાવે છે. જેમાં જ્ઞાતિબંધુ નજીવા દરે પોતના નાના-મોટા સામાજિક પ્રસંગો યોજે છે.

જરૂરિયાતમંદ પરિવારની દીકરીઓને રંગેચંગે ધામધૂમપૂર્વક પરણાવવા સંસ્થા છેલ્લા ૪૦ (ચાલીસ) વર્ષથી સમૂહલગ્નોત્સવ જેવો વિશાળ અને ભવ્ય કાર્યક્રમ કરે છે. જ્ઞાતિબંધુઓના સાથ-સહકારથી દરેક દીકરીઓને કરીયાવરમાં અસંખ્ય નાની-મોટી ચીજવસ્તુઓ મૂકવામાં આવે છે. આ વર્ષે ફેબ્રુઆરી માસમાં સંસ્થા ૪૧ (એકતાલીસ)મો સમૂહ લગ્નોત્સવ યોજી રહ્યું છે. જેના તમામ ખર્ચના દાતા સ્પોન્સર મુરબ્બી શ્રી ડૉ. કરસનભાઈ કે. પટેલ નિરમા તરફથી છે.

સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે તો જ કુરિવાજો ઘટે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય, નોટબુક વિતરણ, તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણથી નવાજવામાં આવે છે. જ્ઞાતિની દીકરીઓ ભણે, સમાજમાં કન્યા કેળવણીનું મહત્ત્વ વધે તો પોતાનો સંસાર સુખી બનાવે, મુરબ્બીશ્રી પુરસોત્તમદાસ પિત્રોડા જેવા સંસ્થાના સુત્રધાર હોય પછી તેમની ટીમ નબળી તો ન જ હોય, મુરબ્બશ્રી મોહનભાઈ રણછોડભાઈ મકવાણા, શ્રી બાબુભાઈ નાગજીભાઈ પરમાર, શ્રી કાંતીભાઈ પ્રાગજીભાઈ પીઠવા જેવા સંસ્થાના ખમતીધર આગેવાનો જેઓ સંસ્થાના ટ્રસ્ટી પણ છે. તેમને એક વર્ષ પહેલા જ્ઞાતિની દીકરીઓને અભ્યાસ માટે રહેવાની સગવડ આપવા એક કન્યા છાત્રાલયનું નિર્માણ કરવાનો ઉમદા વિચાર આવ્યો. વિચાર અમલમાં મુકાયો ટ્રસ્ટીઓ પોતે દાતા બન્યા. સમાજમાંથી પણ દાનનો પ્રવાહ વહેવા લાગ્યો અને માત્ર ૧૧ માસના ટૂંકાગાળામાં સંસ્થાએ પોતાની માલિકીની ૬૫૦ ચો.મી. વાર જગ્યામાં ૩ મજલા અને ૨૪ રૂમો ધરાવતું વિશાળ કન્યા છાત્રાલય બાંધ્યું. જે આધુનિક અને સંપૂર્ણ સગવડતાવાળું બન્યું. જેમાં શહેરની જુદી જુદી કોલેજો, શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતી બહારગામની દીકરીઓને રહેવા જમવાની સંપૂર્ણ સગવડ મળી રહેશે.

આજે તેનો ઉદ્ઘાટન સમારોહ શુભ ચોઘડિયામાં યોજાયો છે. જ્ઞાતિના તેજસ્વી સંત પ.પૂ.૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી વિશ્વભર ભારતીબાપુના આશીર્વચન સાથે હોમ હવન અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે નિરમાના ચેરમેન માનનીય ડો.શ્રી કરસનભાઇ કે.પટેલના વરદ હસ્તે ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સરકારના સમાજિક ન્યાય અને અધિકારીના મંત્રીશ્રી માનનીય શ્રી રમણલાલ વોરા, અમદાવાદ પશ્ચિમ સંસદીય મત વિસ્તારના સાંસદ માનનીય ડો. કિરીટભાઇ સોલંકી, ધારાસભ્યશ્રી માનનીય શ્રી સુરેશભાઈ પટેલ, ધારાસભ્યશ્રી માનનીય શ્રી જગદીશભાઇ પંચાલ, ઔડાના ચેરમેનશ્રી માનનીય શ્રી ધર્મેન્દ્રભાઇ શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન માનનીય શ્રી પ્રવિણભાઇ પટેલ, માજી સાંસદ માનનીયશ્રી નટુજી ઠાકેર, માજી ધારાસભ્ય માનનીયશ્રી ભાવસિંહજી રાઠોડ, ગુજરાત ઠાકોર સમાજ કેળવણી ટ્રસ્ટના પ્રમુખ માનનીયશ્રી રોહિતજી ચંદુજી ઠાકેર (ભામાશા), કન્યા છાત્રાલય માટેના દાતાશ્રી ચીમનભાઇ અગ્રવાલ અને શ્રી દિપકભાઇ વાસવાની (વિનસ બિલ્ડર્સ), દિલીપસિંહ પરમાર પ્રદેશ સદસ્ય ભાજપ, બક્ષીપંચ મોરચો આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

જ્ઞાતિના આગેવાનો, સંસ્થાના ટ્રસ્ટી મંડળના તમામ ટ્રસ્ટીઓ, સંસ્થાની તમામ શાખાના હોદ્દેદારો, કારોબારી સભ્યશ્રીઓ, બહારગામના મંડળોના હોદ્દેદારા, આગેવાનો, દાતાશ્રીઓની વિશાળ હાજરી પ્રેરણાદાયી અને ગૌરવપ્રદ રહી હતી.

સૌએ કન્યા કેળવણીના આ ઉમદા કાર્યને બિરદાવ્યું કાર્યને સિદ્ધ કરવા માટે દાન આપનાર સૌ દાતાશ્રીઓની દાનારીને વધાવી લીધી. ટેકનોલોજી જેની રગેરગમાં વહે છે તેવા લુહાર-સુથાર જ્ઞાતિના બાળકો, યુવાનો આધુનિક-શિક્ષણ પ્રવાહમાં જોડાય આરાધ્ય દેવ ભગવાન વિશ્વકર્મા દાદાના આર્શીવાદથી વિશ્વની ટેકનોલોજીમાં અગ્રેસર બની રહે તેવો વિશ્વાસ સિધ્ધ થતો લાગ્યો.

નોંધઃ આગામી ૪૧મો સમૂહ લગ્નોત્સવ તા.૨૨-૦૨-૨૦૧૪ના રવિવારના સ્પોન્સર દાતાશ્રી ડૉ.કરસનભાઈ કે. પટેલ (ચેરમેનશ્રી નિરમા) તરફથી યોજાનાર છે.

"પરમ પૂજ્ય ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી વિશ્વંભર ભારતી બાપુના આર્શિવચન અને નિરમાના ચેરમેન શ્રી ડૉ. કરસનભાઈ કે પટેલના વરદ્ હસ્તે ઉદ્ઘાટન"